શ્રી નવીન

ભોજરાજ—નાટકનાં ગાયનો

શ્રી દેશી નાટક સમાજને માટે

આ નાટક હુકમ વિના છાપવું કોઈએ નહીં

અમદાવાદ

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યા.

—સને ૧૮૯૨.

શ્રી પરમાત્મને નમઃ

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

૧-માળવાના રાજા સિંહભટનો પાટવી કુંવર મુંજરાજ પોતાની સ્ત્રિ વિજયાદેવી તથા તેની સાહેલીઓ સાથે હાસ્યવિનોદ કરે છે એવામાં દાસી ખબર આપે છે કે જરૂરના કામસર પિતાજી સિંહભટ હાલને હાલ મળવા માગે છે. રાણીને પડદે જવાનો હુકમ કરી મુંજરાજ પોતાના પિતાને મળે છે. સિંહભટ ઝાહેર કરે છે કે તું મારો ખરો પુત્ર નથી પણ તું મને મુંજના ભોથામાંથી છ માસની ઉંમરનો જડયો હતો ત્યાંથી મેં તને લાવી ઉછેરી મોટો કર્યો છે. મારો પુત્ર તારો નાનો ભાઈ સિંધુલ છે પણ તું ઘણો બુદ્ધિશાળી છું તેથી રાજ તને ભળાવું છું અને તારા નાનાભાઈ સિંધુલનો પુત્ર ભોજરાજ જ્યારે ઉંમર લાયક થાય ત્યારે રાજ્યગાદિ તેને ભળાવજે સિંહભટ જાય છે અને પોતાને ક્ષયનો રોગ થયો છે તેની દવાને માટે વૈદની ગોઠવણ કરવા મુંજને ભળાવતો જાય છે. મુંજ પોતાની સ્ત્રીના જાણવામાં આ વાત આવી તેથી તેનો ઘાટ ઘડવા તથા પોતાના પિતા સિંહભટ પણ આ વાત બીજાને ન કરી શકે તે માટે ગોઠવણ કરવા ધારે છે અને વૈદને ત્યાં જાય છે.

૨-કીસ્મતના યોગથી થઈ પડેલો ગાંયજો વૈદ તેના દરદીઓ સાથે પોતાના જુના ગામના માણસો સાથે, તથા નોકરો સા-
...ં આવવું તથા દવામાં ઝેર દઈ પોતાના
ગોઠવણ.
થારીએ દવામાં ઝેર દેવું અને વૈદને સ-

જરાજની પોતાના નાના ભાઈ સિં-
ધાનો આરોપ ઢોંગી પાડવાની ગો-
જયાનું પોતાની સાહેલીઓ સાથે

તું તથા પોતાના પતિ કલ્યાણદેવ
વાથી મળી શકાતું ન હતું તેને
મુંજરાજનો પ્રવેશ અને પોતાની

બત્રીજી જયા પર આશક થવું. સાહેલીઓનો દાંડીયેથી રાસ રમવો.

૬–મુંજરાજની જયાના મોહોલમાં જઈ પ્યાર બાંધવા માગણી, જયાનો તિરસ્કાર, મુજરાજનો પ્રપંચ, જયાનું કટાર લેઈ સામે થવું. જયાની મા સાવીત્રીનો પ્રવેશ, મુંજરાજનું યુક્તીથી સદગુણીમાં ખપવું. બીજી યુક્તી કરવા વિચાર.

૭–મુંજની રાણી વીજયાદેવીનું સ્વપ્ન. તથા નબાપા કહી મેહેણું મારવું, મુંજરાજની યુક્તીથી કટાર મારી રાણીનું કાસલ કાડવું તથા બુદ્ધીસાગર આગળ ઢોંગ કરી દીલગીર થવું અને બુદ્ધી સાગરના દોસ્ત ખેમરાજને ફોડી સીંધુલને દેશવટો દેઈ જયાને સાસરે વળાવરાવી વાટમાંથી અધવચ ઉપાડી લેવરાવવાની ગોઠવણ.

૮–વૈદનું ઘર જપત કરતાં મળેલા દાગીનાની તપાસ અને નિર્દોષી સીંધુલને ગુનેગાર ઠરાવી દેશવટો દઈ મુંજરાજનું ગાદીયે બેસવું.

અંક ૨ જો.

૧–પ્રેમથી પીડાતો જયાનો સ્વામી કલ્યાણદેવ તથા તેનો મીત્ર મોહનશેઠ. સરહદ ઉપર જઈ લશકરની સરદારી લેવા કલ્યાણદેવને ભલામણ.

૨–સીંધુલનો શોક તથા ભોજ અને જયાનો વીલાપ. બુદ્ધીસાગરને છોકરાની ખબર રાખવા ભલામણ કરી દેશવટે નીકળી જવું.

૩–મુંજરાજના પક્ષના સુધરેલ પંડીતોની દારૂ પીવાની ગમ્મત.

૪–મુંજરાજની રાખેલી ગુણાવળીની મુંજરાજના પછીથી થનાર રાજા ભોજને ભોળવી વશ કરવાની પેરવી; ભોજ અને મુંજરાજના પુત્ર જયન્તનો પ્રવેશ, રાજકુમારોની વાતચીત અને ઉદ્ધતાઈથી જયન્ત કુમારના વાર્યા છતાં પણ ભે
ના મોહોલમાં જવું. ગુણાવળીની ભોળવ
રાજનો તિરસ્કાર.

૫–જયાને સાસરે વળાવવું અને
લ બદલ કરવી.

૬–લુટારાઓ બત્રીશ લક્ષણાની

૭–મરદને વેષે જયા અને બુદ્ધી
જયાના સ્વામી કલ્યાણદેવની છાવ
વને તેડવા જવું. જયાનું લુટારાઓના
ણદેવ તથા બુદ્ધીસાગર તેની શોધ

૮–સીંધુલ વગડામાં; નીમક

યુક્તીથી ફસાવીને મુંજરાજના કેદખાનામાં પહોંચડાવવું.

૯–માતાને ભોગ આપવા જયાને ઉભી કરવી. કલ્યાણદેવનું લશકર સાથે આવી પહોંચવું અને પતિ પત્નિનો મેળાપ.

૧૦–કલ્યાણદેવના રાજ્યના નિચ ગોલા, તેમની વાતચીત પાપી ખેમરાજનું આવી પહોંચવું. અને તેમને ફોડવા મોહન શેઠના નામનો બનાવટી કાગળ તથા ઝેરવાળા ખાવાનાનો દાબડો જયાએ કલ્યાણદેવને મારવા મોકલ્યો છે એમ પ્રપંચ રચવો. અને દાબડો તથા કાગળ કલ્યાણદેવ પાસે મોકલાવવો, તથા જયાને ઉપાડી લઈ જવા ગોઠવણ.

૧૧–કલ્યાણદેવ તથા જયા મોજમજામાં સરહદ ઉપરથી મુંજરાજના હુમલાની ખબર લઈ કાસદનુ આવવું; કલ્યાણદેવનું જયાને ત્યાં મુકી જવું.

૧૨–અઘોરઘંટ જાદુગરને મુંજરાજનું ભોજકુમારનું ભાગ્ય પુછવું.

૧૩–વીરહી કલ્યાણદેવ, બનાવટી કાગળ અને ખાવાનાનો દાબડો લેઈ ગોલાઓનું આવવું. સેનાધીપતીની હાલમાં લડાઈ બંધ કરી મુંજરાજના દુશમન તૈલપદેવ સાથે મળી જઈ જંગ મચાવવા સંબંધી વાતચીત, કલ્યાણદેવનો જયાને ધીટકાર દેઈ તૈલપદેવને મળવા વીચાર.

૧૪–નિશાળ, મુંજરાજનું આવવું અને છોકરાઓની પરિક્ષા, ભોજરાજનું ભાગ્ય કહેવું અને અઘોરઘંટ જાદુગરની સાથે ભોજરાજને સોનાનો ફરસો બનાવી દેવા ગોઠવણ તથા તૈલપદેવ ઉપર ચડાઈ કરવાની પેરવી.

૧૫–નિર્દોષ જયા ઉપર કલ્યાણદેવનો ધીટકાર અને ગોલાઓનું તેને ઉપાડી જવું.

...દ્ધિ સાગર વીગરેની એકાએક ગુંમ થ-
...પરાજને દમ દઈ ભોજનો પત્તો મેળવવો.
...રની ગુફા, તેલની કઢામાં નાંખી સોના
...ારી, જયન્ત કુંમાર વીગરેનું લશકર
... પાટવી કુંમારની તરવાર બંધાવવી.

...૩ જો.

...જયા કેદ, મુંજરાજનું મનાવવું કલ્યા-
...વના લશકરને આવી ઘેરો ઘાલવો,
જયાનું નાશી છુટવું.

...તથા ભોજકુમારને મુંજરાજ કેદ

પકડાયાની તથા કેદખાનામાં તૈલપ દેવની કુમરી મૃણાલવતી સાથે પ્યારમાં પડયાની ખબર, સળંગ ખોદાવી કેદખાનામાં બુદ્ધિ સાગરને જઈ મુંજને છોડવવાની તથા લશકર લેઈ ભોજ અને જયન્ત કુમાર વીગરેની પાસે રહેવાની પેરવી.

૩–એક રજપુતની દીકરી મોહના અને જયા દાસીને વેશે; મોહના સામંતસીંહ નામે ઠાકોરપર આશક અને એના માબાપની કલ્યાણદેવ સાથે પરણાવવાની મરજી, મોડી રાતે કલ્યાણદેવ મળવા આવનાર છે એવી ખબર, મોહનાને વેશે જયા, કલ્યાણદેવને મળે એવી પેરવી, સામંતસિંહ ઠાકોરનો પ્રવેશ, મોહનાની મા બાપ આગળ મુંગી થઈ જવાનો ઢોંગ કરવાની યુક્તિ, ડોસી ડોસાનું આવવું, મોહનાનો ઢોંગ અને પેમલા તથા રામદીનને વૈદને તેડવા મોકલવું.

૪–ઘાંચી ઘાંચણની લડાલડ અને મેળાપ વૈદને ખોળતાં પ્રેમા તથા ભૈયાનો પ્રવેશ, ઘાંચણને પુછવું. ઘાંચણનું પોતાના ધણીને માર ખવરાવવા સારૂં વૈદ તરીકે ઓળખાવી દેવું. મારમારીને ઘાંચીને વૈદ બતાવવો.

૫–કેદખાનામાં મુંજરાજનો મૃણાલવતીને લઈ નાશી જવાશે એમ સમજી આણંદ; તૈલપદેવનું મૃણાલવતીએ વાત ફોડી દેવાથી આવી પહોચવું, મુંજનું નાસતાં પકડાવવું અને હાથમાં ખપ્પર આપી ઘેરઘેર ભીખ મગાવી ફાંસી દેવાની સજા.

૬–ડોસોડોસી વૈદ તથા મોહનાની તપાસ.

૭–સામતસીંહ અને વૈદનો મેળાપ ગાંધીને વેશે મેળાપની ગોઠવણ.

૮–જયાને મોહના; અજાણતાં મોહનાને વેશે જયાનો અને કલ્યાણ દેવનો મેળાપ અને એક બીજાની વીટી [illegible]

૯–મોહનાને સામતસીંહના લગ્ન [illegible]
રામદીનની ખુશાલી.

૧૦–બજારમાં મુંજ ભીખારીને વે[illegible]

૧૧–ફાંસી પાસે મુંજરાજ ભોજ[illegible]
હોચવું કલ્યાણદેવને કેદ પકડી આણ[illegible]
દેવની આંગળીએ જોઈ ભોજરાજનું [illegible]
હના પાસેથી મળી એમ ઝાહેર થવું.

૧૨–ઘાંચણનું અસ્ત્રી ચરીત્ર.

૧૩–સવળાનો મેળાપ અને સો[illegible]

श्री परमात्मने नमः॥

श्री नवीन

भोजराज नाट[illegible]नां गायनो.

સાહેલીઓ— १

સૃષ્ટિમાં અમૃતવૃષ્ટિ આજે તો વરસી રહી;
લીલા લ્હેર લીલા લ્હેર ઠામે ઠામે થઇ રહી. આજે૦
પ્રીત એ પારસમણિ ચિત્તને સ્પર્શી ગઇ,
સોનું ને સુગંધી એની સાથે છે શોભી રહી. આજે૦
પ્રીતિ સાગરમાં પિયુ બિંદુ હશે જ્યાં સુધી,
મ્હાલશું ત્યાં મીન રૂપે સ્વામીજી તીહાં સુધી. આજે૦

મુંજરાજ— २

પ્રાણુથી વ્હાલી વલ્લભા દાઠ આ નિત્યતો નભે.
પ્રભુજી અર્જ આપણી આ સાંભળી સ્વીકારી લે. પ્રા૦
પ્રીતપ[illegible] નિત્ય થાય રાગ રંગ જામી જાય;
[illegible] આંહિ પલક પેર જુગ જાય. પ્રા૦
[illegible]ડી વધેજ જાય;
[illegible] વૃક્ષ વેલ આશરે.

३

[illegible]ી, સ્વારથ સાધવો પે'લો;
[illegible]ગેરી ત્યાં, મારગ સરળને સે'લો.
[illegible]વરમ કહી ડૂબી મરે.

ભુલો— ૪

થયા અમે તો વૈદરાજ વાહવા૦

રાજાએ ગાન્યા વાહ૦ વાહવા

લોકોએ જાણ્યા,વા૦ ઈલ્મી ગણાણા, વાહવા

જડીબુટ્ટી, હીંગ, મરી, સુંઠ, ધાણા, મરચાં, અજમો,

પીંપર, લવીંગ, સોમલ, સીંધવ, આંબાહળધર,

સાજી, સિંધુર, મેદાલકડી, સાબરશીંગા સેજે મટાડું

રોગો હું સઘળા. વા૦

સોમદેવ-શીવરામ— ૫

શેરીનો લ્યા વસવાસ શો, મુચે પાટુ પુછે વાત;— શે૦

આવજો કેહેશે ઘેરે આપણે, બોલે મેઠા મેઠા બોલ.—શે૦

વાંધો પાડીને વાતવાતમાં, મારે ધડંધડ ધોલ.— શે૦

રામદીન—નાનો— ૬

કયા કમબખ્તી હુઇ હમારી, હમ નાઈકે નોકર હુએ;

આ નાનો પણ એજ રોદણા, રોજે ને રોજે છે રૂએ. કયાં.

બેઠ કરાવે વેઠ જુઓને, પૈસાની બલીહારી છે;

પરાધીન હુએ પરદેશી, પૈસેસે લાચારી હે.—

લ્યો સાબાશી ચાર દિવસમાં એજ ચ...

નોકર હોકે નામ નિકાલા, છુટે લેશ...

દરબારીઓ— ૭

ઉત્કૃષ્ટ ને ઉદાર વૃત્તિ હે!

મહીપતિ મહામતિ આ ર

ચિરકાળ,ભૂપાળ,તું પાળ,કૃપા

દયાની વૃષ્ટિથી તું દુઃખ દ

અંબા— ૮

ઉજ્જેણી રંડાણી આજ હાયહાય. (૨)
નિરાધારરે અપાર હાલ થઇ ગયાં, હાયહાય૦
રત્ન આ જતાં હા! હા! હા! હા!.—હાયહાય. ઉજ્જે૦

ખીમજી— ૯

વાહ વાહ વાહ વાહ વાહ વાહજી છુટ્યા આજે વ્હેલાજી
રાજા આજે તો રીઝ્યા કે પોતે નહીં ખીજ્યા
બંદા બાજીતો જીત્યાને છે રાજી રાજી.

સાહેલીઓ— ૧૦

ચાલો ચાલોરે (હાંહાં૦) સાહેલીઓ આજ શિવપૂજન જઈએ
પશુપતિનું (હાંહાં૦) પૂજન કરી એન પાવન થઇએરે.
સા૦-પાર્વતીપતિ તને પતિ મેળવશે ત્યો અમને શું લ્હાણુરે?
જયા-અંતર આપણ વચ્ચે શુંછે, દેહ જુદી એક પ્રાણ.શિ૦
સુશીલ સુવર એ કંથ મળે તો ઉમયાપતિનો ઉપકારરે.
સા—કંથ મળે થાય પંથજ ન્યારો, અમે શું સાંભરનાર? શિ૦
જયા-વ્હાલીસાહેલીઓ એ શું વદોછો,વ્હાલા શું વિસરનારરે.
સાહે-તું તો સુશીલ છું તોપણએ રીઅળગાનાએજ આચાર.શિ.

જયા— ૧૧

જગત્સાક્ષી સ્વામી કરગરી કરૂં એક વિનતી;
પ્રભુ પાળો પુત્રી ઝુરી ઝુરી મરૂ છું જગપતિ,
પતિ મારો પામું અતિ વિમળ જેથી મમ પ્રીતિ.
કુસંપે હા! જેણે રમણી અહીં રાખી રખડતી;
[illegible] આવી થઈ છું નિરભાગી સમજણી;

પણે પુંઠે લાગ્યો દુશગન થઈને રતિપતિ;
હશે શું શું થાતું ? પતિ ધર જતી જોઈ સખીને.
દયાળુ જાણે છે મદદ કરરે દેવ દુઃખીને.

સાહેલી૦— ૧૨

આપદ ટળજો આરતિથી—
ભક્ત વત્સલ એ બિરૂદ તમારૂં જગમાં નથી અજાણ્યું;
હાથ ઝાલી ભગવાન ! તારો ભવોદધિથી. આપ૦
નાવ નવીન આ નાથ, નથી સંગને સાથ;
ભારે ભીડી છે બાથ, નથી નાખુદાનો લાગ
દશાતરંગો ઘુઘુ કરતા, ઝાઝ આ વાવાઝોડે—હાથ

મુંજ— ૧૩

વાહ ખુબખનીબની ખુબબની,નારી ખુબબની બની ખુબબની
રસિક રમણી, શી સુંદર છે આંખડી. કમળ પાંખડી.
નેનશર અરરરરરર. ધસે ઝડપ મુજ ભણીરે—હાહા.
વદન છે શશી સગરે સુંદર,ચાલમાં એ ગજ ગમની ગણી;
શો સુંદર છે શણગાર, મળે જો એવી સુંદર નાર,
થઇ રહે કદી દિલદાર, બતાવે પોતે પૂરણ પ્યાર.
હું ગણું મને ધનભાગ,અરે મહાભાગ્ય વસી ગઇરે અંતરમાં
સરરરરરરર એ મન મોહિની નાર બની નાગણીરે હાહા

સાહેલી૦ ૧૪

આવો આવો બેન રમીએ રાસરે. આવો૦
તાના દેરના દીમ દીમ તોમ તોમ તાના દેરના દીમ
દીમ તોમ તે આવો૦

નાગર ગીડૂ ગીડૂ તોમ્ તોમ્ તનન તનન તનન તનન
તનન તનન દીમ તોમ.
ઓધના દીમ તનનન દીમ તનનનના દીમ (૩)
તનુમ તનુમ તનનનના તન૦

૧૫

સ્મરણુ કરી શ્રી જગદાધાર, રાસ રમો રમણીક અપાર;
લલીત મનોહર શ્રી ગોપાળ, વ્રજ વનિતાથી રમ્યા કૃપાળ;
ઘાડી જામી ઘનની ઘટા, છાઇ સુંદર તરૂની છટા;
જયજયકાર કરી ઉચ્ચાર, રમ્યા રસિક જન રાસ ઉદાર.
વાહવાહ પૂરણુ રમીયાં રાસરે,—વાહ૦

જયા— ૧૬

મને ખબર ન્હતી કે દુ:ખ આ વિયોગીને ?
રોગીની પીડાની પેર ક્યાંથી નિરોગીને.— મને૦
બારથાર ને ભેટયા વિના એ વેઠું આટલું;
જાણે ભસ્મ થઇ પંચ ભૂતમાં ભળું.— મને૦
જે સુખેથી સ્વામી સાથે, મ્હાલી હા ! હશે;
તે માનુની મનમાંહિ, શું શું થતું હશે.— મને૦
પક્ષીએ વિજોગ પીડાથી અરે મરે,
વિજોગ મોત વલ્લભાનું એ ખરૂં ઠરે.— મને૦

જયા— ૧૭

આ કર્યું શું તમે કાકાજી આજે,—
પ્રેમની પોથી ક્યાંથી પુત્રીની પાસે,
પ્રેમની પોથી છે પિયુ સાથે,

કાકા શોભે શું એતે તમારે હાથે.—
જાચવું તે વળી પુત્રીની પાસે,
છત્રપતિને કદિ કાળે શું છાજે?—

જયા— ૧૮

કાકાજીરે દયાં ગઈ બુદ્ધિ તમારી,
વળી વિદ્યા સર્વ વીસારી;
વાગ્યોછેરે વચનનો ઘા આ કારી,
જીવ જાએ નહિ આ અનાડી.
તમે કાંઈ વિચાર ન કીધોરે,
પુત્રીપર પ્રેમજ કીધોરે;
દાઝયાપર ડાગજ દીધોરે,
નિરભાગીણીરે, હે હરિ હું હવે હારી—કયાં૰

મુંજ—સગજયો છું રે મર્મ હું સર્વરે શાણી,
સઘળી આ શર્મની વાણી;
ઉતરાવે છે પ્રમદા પ્હેલાં પાણી,
જાણે જુએ પ્રીતમનું પાણી;
રમણી એ રૂડી રીતિ રે,
છે ન્યાય શાસ્ત્રની નીતિ રે;
પછી બાંધવી નિત્યે પ્રીતિ રે,
પરીક્ષા રે કરવી પ્રથમ મનગાની—સઘ.

જયા—શું કરવારે આભથી બાથ ભરો છો,
ફુદા માફક શું ફરો છો?

મુંજ—શું કરવારે મનમાની મોજ મુકો છો,

ચતુરા થઈ કેમ ચુકો છો

જયા—તમે વિદ્યા ગુરૂજી મારારે,
તમે શિખવ્યા નીતિ ધારારે
કયમ આજ દીસો છો ન્યારારે,
કાકાજીરે શી ઘેલાઈ કરો છો—પુછ્યા.

મુંજ—શશી વદનીરે કારણ તેનું તું છે,
જાણી જાણીને શીદ પુછે છે
શિવ મંદીરમાં ચુકયો હું ચતુરાઇ,
નાઠી અહિંઆં ઠકુરાઈ;
મુખ ચંદ્રથી મન મલકાયો રે,
કર કમળથી હું હરખાયો રે;
પણ નેનથી જ્યાં નિરખાયો રે,
ઝટ સ્તબ્ધ થતાં કામે કેદ કર્યો છે—જાં.
સપડાયો છું રે નવયૌવના નારી,
કામ મંત્ર ક્રિયા કરનારી
લજ્જાળુરે લાડ નહિં તું લડે છે,
અહિં કામ અધિક કનડે છે
રોજ રંગે રમીશું વ્હાલીરે,
હસી હસી કર લેશું તાળીરે
રમશું, જમશું, મન [illegible]
તુજપર વ્હાલી તન મન [illegible]

જયા—કાકાજીરે જીંદગી ચાલી જવાની.

મુંજ—નથી રે'વી નિત્ય જુવાની.

જયા—કૂંઈ રાખોરે ઇશ્વરનો મનમાં ડર.

મુંજ—બુદ્ધિ આપે છે ઇશ્વર

બાળા મૂક ઠાલા ચાળારે, કરી હું કહું કાલા વાલારે.

ફેરવું તુજ નામની માળારે,રંગીલીરે અધરામૃત જરી પાની.ન.

જયા— ૧૯

પરમાર કુળ કલંક રે' દૂર દૂર દૂર,
કાકો થઈ થયો શું પાપી ક્રુર ક્રુર ક્રુર
જો હોત અહિં બીજો કરત ચૂર ચૂર,
ક્ષત્રીપુત્રીનું નથી શું યાદ શૂર શૂર

જયા— ૨૦

સાચે સુણીને વાણી મને શંકાતો થઈ;
નિહાળી જોતાં નેનનેરે ખાતરી થઇ;
મેં જાણ્યું માહાસાગરેરે મુકી છે મરજાદ;
વરસવાના છે લોહીનારે ચોધારે વરસાદ;
સુઝતું તો કાંઈ ન્હોતું ગભરાઈ હું ગઇ.— સાચે૦
દુ:ખીઆરી આ દીકરીથી પ્રીતિનો કેવો પ્રસંગ?——
પંડીત જનને પુત્રીથીરે કેવા રાગને રંગ?
મશ્કરીથી હું તો ખીજાઇ જીવપર ગઈ.— સાચે૦

જયા— ૨૧

રે નીચા અધમા ચંડાળા ક્ષત્રીની લાજ લેવી ધારેરે;
લેશે ભગવાન હજુએ ભાળ ક્ષત્રી૦
અચકાતીતી પાપી અજાણ્યુ. ક્ષત્રી૦
લેતા પરમાર પુત્રના પ્રાણ. ક્ષત્રી૦

સિદ્ધ થયું છે આ તારા જોતાં ઢંગ. ક્ષત્રી०
તું તો કુળનું રે કપૂત કલંક. ક્ષત્રી०
પાપી છેલ્લીવાર પ્રભુને સંભાર. ક્ષત્રી०
મારૂં શરણું રે જડઆ કટાર. ક્ષત્રી०

મુંજ— ૨૨

ગને સમજે શું હેવાન સમાન,
આવી લેને પ્રાણ, લેને પ્રાણ, લેને પ્રાણ. સ.
બેસ બેસરે નાદાન, છોડી દે હવે ગુમાન;

જયા—સુજાત થઈને માનો ફિસાદ બધી વિસારો.

મુંજ—જાજા જાણી વાતો તારી એથી છેવટ ખુવારી.
માની કહ્યું દીવાની તું થા જીવજાન.— ગને०

મુંજ— ૨૩

પડ્યા પાસા ઉંધા હજુ પણ કંઈ હરકત નથી;
કરૂં બીજી યુક્તિ જતી કરવી એ જુવતી નથી;
કરોડો ઉપાયે હરણી હણુનો શાર્દૂલ નકી;
ખરે ઉદ્યોગીથી જગત મહિં કાંઇ દૂર નથી.
રસીલી રંગીલી અદ્ભૂત અહા સુંદરી બની;
અરે જાણું હું તો રમણીગણિ માંહિ શિરમણિ.
ઘટે લક્ષ્મીને શું જગપતી વિના અન્યજ પતી ?
ખરે નક્કિ નક્કિ કળિયુગ મહિં તો નથી સતી.

વિજયાદેવી— ૨૪

નથી ભુલી (૨) ચતુરા કાંઇ, ક્યમ માન શુકન આ થાગે.
ફરો ફટ્યાણુ (૨)તમે કરણાળુ, ક્યમ જમ હું જ્યાંત્યાં ભાળુ.

કેમ અંગ આ જમણું ફરકે, આ હૈયું પણ કયમ ધડકે.
- પડતું નથી ચેનજ પલકે, અરે ! ભગવાન ! પ્રિતમ મુજપ્રાણુ.
ઉગાર દયાળુ.—કયમ જમ૦

વિજ૦— ૨૫

મને નિશી મધ્યે નાથ સ્વપન થયું રે. મને૦
જાણે સુતીતી હું રંગ મહોલમાંરે, ચોરટા આવી હરીગયારે.મ.
કૌતક દીઠું ત્યાં મેં અલૌકિક, પ્રીતમે પત્નીને હાથે હણીરે.મ.
રમતીતી રંગે મેના રસિલી, સુડલાએ સેંજે નહોતી કરીરે.મ.

મુંજ— ૨૬

મને મુકીને ચાલી પ્રિયા પ્રભુને ધામ, અરે રામ અરે રામ.
અરે રામ અરે રામ ! હાય હાય હાય હાય૦ મને૦

સઘળા— ૨૭

થયો આજે જયજયકાર અરે આ વાર.
સરદાર થયા મુંજરાજ, રામ સમ ગુણી અને ઉદાર.
પડયા પાપીના હેઠા હાથ, થયાં મુખ શ્યામ.
થાય નક્કી આના હાલ, જે નીવડે નીચ હરામ.
આ દોલત દામ દમામ, સુખ સંપત નામ તમામ.
મુકી જાવું પ્રભુ મુકામ. નહિં સાચ રત્નરે યાર, કદિ વિસાર.

अंक २ जो.

કલ્યાણદેવ— ૨૮

હાહા પ્રેમ પીડા આવી.
નહિં નહિં રાત દિવસ વાત ચિત ચિતને ગમે-પ્રેમ.

ઘડી ઘડી દિલદાર, ખડી નેન પાસ આ તૈયાર
મળશે ક્યારે યાર, પ્યારી પ્રાણાધાર- [નહિ૦
કઠણુ પ્રેમ કાગ, તજી હામ, દામરે તમામ
ભમતા ગુણુ ધામ, જપતા પ્યારી નામ- નહિ૦

કલ્યાણદેવ— ૨૯

ઝળકતી ઝળકતી કામનીરે, લાગી કાળજે કટારી કારી કામની
શુદ્ધબુદ્ધ સર્વ ગયો પલક માંહિ ભૂલી, યાદ રહી એક પ્રિયા નામનીરે—લા૦
રહી રહી કારી ઘા સાલે રહ્યા હારી, પ્યારી વિના આથ નહિં આરામનીરે—લા૦
પ્રેમ રોગી ઢળી પડી મરણુની પથારીએ, જપે જપમાળ પ્રિયા નામનીરે—લા૦

સિંધુલ— ૩૦

કરમ તારી કારીગીરીછે અજબ, ગૂજારે ગરીબ તું કેવો ગજબ?—કર.
દશાતંત્રનો તું નિયન્તા થઈ, દળે જે ચઢે હાથ તેતે લઈ-ક.
ડરી ગઈ ખરે લક્ષ્મી તારા થકી, સદા નાશી નાશી પડે અંધ થઇ—કર.
કરમની કૃતિથી મૂંઝાયે નહિં ખરો શૂર તે ભાગ્યશાળી અહિ

ભોજ-જયા— ૩૧

શું પિતાજી આમ જશો રાણીને રખડતા,
રે પશુએ બાળ કદિ કાળ ન પટકતાં—શું૦
વાડ વિના કોણુ વેલો વધારે?
ભાઇ બ્હેન રહેશું ભટકતા રખડતા—શું૦

૧૦૮૦

ભોજ— ૩૨

ખસખસ જઈ હું આજ કટારે કરૂં પૂરો એ કાકાને,
રોઆવે જે પાપી નાહક આમ અધર્મે રાંકાને.
છતી શક્તિએ સહન કરી રહેવું આ ક્યાં સુધી ?
સૂઝાડી તમોને તાત કોણે ઉંધી બુદ્ધિ?
પાપીનું વચન માની મુકો રાજ્યઋદ્ધિ. છતિ૦ ખ૦

સિંધુલ— ૩૩

પ્રભુ પૂરે તમારીરે હામ હામ, રાખે ખુશીમાં સદા રામ
રામ રામ. પ્ર૦
કુળ મરજાદારે ભુલી ન ચુકેરે, જશ પામીશ સહુ ઠામ
ઠામ ઠામ. પ્ર૦
સદ્‌ગુણી સાથેરે પુત્ર થજે શાણોરે,છે છેવટના હવે રામ
રામ રામ. પ્ર૦

જયા— ૩૪

હો ભાઇ સંકટ શી રીતે સહેવું ?

ભોજ—હો બેની કોની કને જઇ કહેવુ ?

ભોજ-જયા—

મ્હેલ માળામાં રહેતાં મઝેથી, રમતાં જમતાં સુખેથી;
પાળક તાત પંખી ઉડી ચાલ્યા, હાય હવે શું કરવું
ગોદમાં દાબી ગેલ કરાવી જે હુંફ આપતા હોંશે,
સુખ દેવાને દુઃખ જે સહેતા, તે આમ મુકી ગયા વ્હેતા.–
શું કરવા મૂઝાવું મનમાં? ગયા નથી તાત જગતના.
હો! જગત્રાતા! ને પિતુ માતા શરણે આ બાળ તમારા.–
હે પ્રભુજી શરણાંગતને નિભાવો.

બધા— ૩૫

વાહ વાહ વાહ વારે લેજત શી પડી, ફરી ફરીરે નહિં
આવે આ ઘડી.
દીઠી દીઠીરે ઇંદ્રાપુરી ખડી, જુઓ જુઓરે મચી રં-
ગની ઝડી.
શાસ્ત્રીજી લેશો, વૈદરાજ લેજો, ભીમભાઇ લ્યોને, શામ
ભાઇ લ્યોને.
દારૂ દે છે શુર, આવે નુર નુર, બને શુર પૂર, વેરી વસે
દૂર દા૦ વાહ૦
અજબ છે રંગ, આહાહાહા, રંગદાર રંગ આહાહા.
શીસો પ્યાલા સંગ.
આહાહા વાહવા રંગરંગ આહાહાહા. વાહ૦

ગુણાવળી-- ૩૬

ગુણાવળી હું રાખ્ય રાજાની, કહો શી મારે હવે કમીના?
મુંજરાજ પોપટ છે મ્હારો,હું થઈ બેઠી મધુરી મેના. ગુ૦
દાસીઓ—બાઇ અમે શું બોલીએ મુખથી, જગજાહેર બલિ-
હારી તમારી;
મુંજ સમા વીર પર મોહિનીથી, મેળવી સેજમહિં સરદારી.
ગુ૦—મનહર મુખને લટકે મટકે, નાજુક નખરેને નેન કટાક્ષે.
હરકોઇ પુરૂષની મંતરવી ચોટી,વાત સખીએ નવ કાંઇમોટી.
પુરૂષ પતંગ ઝટપટ ઝંપલાવે,મનહર મુખની જ્યોત જોતામાં.
વચન વીણાના નાદે લોભાતાં, પુરૂષ હરણ વશ જોત જોતામાં;
તોપણ બેની હું દુઃખીઆરી.—

દાસી— ૩૭

નાના કદી બને એ બાઈરે, નાના કદી બને એ બાઇ. બાઇ૦
કસ્તુરી પલટી નહિં રે કાંદો બને કોઇ કાળ;
સિંહ બાળ બદલાઈનેરે બનશે નહિ શિઆળ. હોમેં૦ વારી૦
કુંદન કાળું નહિં પડેરે, લાગે અતિશય આંચ,
વેગ વિમાનનો રોકશેરે વાટ વિશેની ધાંચ. હોમેં વારી૦
કુળદીપક પરગારનારે એ સુકુમાર કુમાર;
ગુણાવળી ગુણકા તણારે એ નવ શોભે યાર. હોમે વારી૦

ગુણા— ૩૮

જોજોને પેલો કુમાર કુમાર મારી વ્હાલી.— જો૦
મુખ મનહરજો સુંદર ભમરજો, એ મમ હૈયાનો હાર,૦
મુખ જરી મલકાવી, નયન જરી નચાવી, મારે કટાક્ષ કટાર.ક.
મદન એ મારો હું રતિ એની, લાવ્ય ઝટ એ દિલદાર.–દિલ

જયન્ત— ૩૯

તજી નહિં છોકરવાદી બાઈરે તેં તો હજી,
વેશ્યાના આવાસ માંહિ જવાની કરી મરજી.—તજી૦

ભોજ—પંડિત નીતિ શાસ્ત્રના વેશ્યાના આવાસને,
ગણે ચતુરાઈનું મૂળ જોઈએ ત્યાં શું હશે?—

જયન્ત—પ્યાજ ઉકેલી કદી સુગંધી પામવી નથી;
કાજળ કેરી કોટડીમાં પેસવામાં સાર નથી તજી.

ભોજ—ડરો છો શાને દિલમાં એ ગુણકાના શા ભાર છે?

જયન્ત-પધારો ભાઈ હું તો કહું છું સ્પષ્ટ એમાં સાર નથી–ત.

ભોજ—બીકણ વે'મી નિત્યના તમે તો વાત વાતમાં.

જયન્ત—જાઓ જઈને સાર જોજો.

ભોજ—.......................રંગ જોશું સંસારના—

ગુણા-દાસીઓ— ૪૦

પાવન કરીએ પધારીને આ અબળાનો આવાસ.
રસિક મંડળમાં છો સરદાર, લલિત લલનાના છો શૃંગાર.
ઇચ્છે આપ આશરે પ્યાર, આજ પધારી લાજ વધારી,
પૂરી મારી આશ—પાવન.

ભોજ— ૪૧

જોયું જોઇ જોઇને મેં તો ચોઢાગ;
કામ સઘળે સધાય દામ દામથી.
કોઇ બતાવે પ્યાર, થઈ બેસે દિલદાર,
કહેશે તું મારો યાર, અન્નદાતા સરદાર—જોયું.
કોઈ હોયે નાદાર, તે ઠરે ઉદાર,
કોઇ હોયે ગમાર, તે ઠરે મ્હોમાર.
બધે પૈસાનો પ્યાર અને પૈસાના યાર—જોયું.
પૈસા વિનાની વાત, કરતાં પડે છે લાત,
પૈસાથી કમજાત, થઇ બેસે સુજાત.
વેશ્યા તું ભલી ભાત, પઢી પૈસાની ઘાત—જોયું.

ગુણા— ૪૨

વાહ વાહ રૂડો કર્યો શો ઉચ્ચાર
કીધો ના વિચાર કે લગાર રે કુમાર—વાહ૦

ભોજ—સમજું હું મનમાં ધ્યાન તારૂં ધનમાં

ગુણા—હજુ એનું એજ ભણે, પ્રીતને શું નહિં ગણે

ખરેખરી ભૂલ કરી, તને મેં ચતુર ગણી
ભોજ—જુઓ આમ પલટાય, વેસ્યાનો પ્યાર—વાહ૦

ભોજ— ૪૩

ક્યાં તું દાસી દામની ! ક્યાં હું વીર કુમાર !
ક્યાં સૂરજ ક્યાં આગીઓ, ક્યાં શિલ ક્યાં વ્યભિચાર;
સંગત કરતાં નીચની રંગત નવ રહેનાર;
ક્યાં શીલ ક્યાં વ્યભિચાર.
પૈસા માટે પલકમાં, પલટી બેસે પ્યાર;
અરે ઓ વેશ્યા નારી,સમાલ નેન કટાર, સમાલ નેન કટાર;
સમાલ વેણુ તરવાર, એ તરવારે પરમાર ના ડરનાર. અરે.

ગુણા૦— ૪૪

ના બોલ્યા ત્યાં તો ઘણો ફાટયો ફગ કુમાર,
નથી જાણુતો મુંજરાજ છે મારા દિલદાર.
કહેતાંને વાત તને ઝટ ઝપાટે લઈ જશે સેજમાંહિ કેદ થતાં,
બક બકાટો રહી જશે.—
અરે ઓરે અનાડી, જબાનતારી સંભાળ,
જબાન તારી સભાળ વચન જોઈને ઉચ્ચાર—ઓરે૦

ભોજ— ૪૫

તારા જેવીતો હમારી નારી, કરોડો નિહાળી,
આવી ચાલાકી ચલાવાવાળી, નેનને નચાવાવાળી;
સાનમાં સમજાવાવાળી, વાતમાં રીઝાવાવાળી—જેવી૦
અરે રાજાજીનું મનહરી, વશ કરી ધન હરી નહિ બેઠી ઠાગ ઠરી,
જાજા અરે જરી જરી, જરા હવે ઠરી બેશ, શીદ ચોળે ક્રાઝી મેશ
લાભ નથી એથી લેશ જેવી તું તેવા નરેશ—જેવી૦

પ્હેલાં વ્યભિચાર અનાચાર મૂળછે અપાર પાર એમાંથી; વેશ્યા નારથીતો પ્હોંચ્યા પાર પાર, એકથી તો રમે જાર, બીજાથકી બાંધે પ્યાર, ત્રીજાને કરે તૈઆર,મારીને કટાક્ષ માર, આવો તારો પ્યાર, કરે દિના દશવાર, પૈસો હરીને અપાર, કરી મુકતી લાચાર, અરે જાજા તારૂં મુખ દેખી આવેમને તો બકારી૦ જેવી.

મુંજ— ૪૬

તન મન ધન સકળ પ્રિયા હરણુ કર્યું તેં—
ગૌરવરણુ ચંદ્રવદની કમળનયનીરે.
જોઇ રહ્યો મોહી બીજે મનન ઠરેરે— તન૦
રાત દિવસ વાસ રહુ પાસ પ્રિયાની;
મધુકર હું મોગરાની કળી તું રસીલી.— તન૦

જયા— ૪૭

અરે માજી જાઉ હું સાસરીએ,
સાવિ—પ્રભુ બેના! તારી આશા પૂરશે.— અરે૦
જયા—ઝુકાવું અરે નાવ આનાનીશી
ઉછળતા અહો દુનીઆ દરીએ.
ભોજ—કીનારે રહી સાથ રમતાં હતાં,
હવે પડી જુદાં સફર ચડીએ.—
જયા—વિકટ પંથ તારો છે ભાઇ અરે,
જરૂર મુંજરાજ ખરાબો નડે.— અરે૦
બધાં—કરી પ્રાર્થના હે! પ્રભુ માગીએ,
ઉતારે સરેરાશ આ હોડકાં.— અરે૦

ભુટારા— ૪૮

ગાઓ માતાજીનું ગાણું, રે ભીયા ગાઓ૦
માવડી મારી આસોરૂં તારાં, પખતું અગારો તોણું. રેભીય.
સયણુાંને સુંદડી માતાજી પારે, મોં ધારે મૂલના ઓણું રેભીયા.
પાડા પસાહને બતરીહ લછમ્યે,ભરૂં માતાજીનું ભોણું.રેભીયા.

જયા— ૪૯

આજે તો ધન્ય ઘડી, ધન્ય દિવસ, ધન્ય સમય;
રડતી ઝુરતી રમણીને, રસિક પતિ રીઝાવશે;
રમીશ રસિક માંછથી હું, પ્રેમ નીરમાં.—
પ્હોંચ નથી તોએ પ્હોંચી, સ્વામી સુધાકરની પાસ;
દૂર કરીશ દૂર કરીશ હું વિયોગ ડાઘ.— આજે૦

સિંધુલ— ૫૦

આષાઢની અંધારી રાત ઘનઘોર ઘટા ચડી,
પાપીના પાપે પૃથ્વી માતે ઓઢીશું પિછોડી;—આષા૦
નજર નિરૂપયોગી દેખતાની એ થઇ;
વિપત્તિ વેળા બુદ્ધિ જેમ બુદ્ધિ માનની.— આષા૦
વાયુથી વાદળાં બધાં વિખેરાઈ જશે;
નિશા જતાં પ્રકાશ પૂર્ણ રીતે જામશે.— આષા૦
આશાના વાયુનીજ આશ આ અભાગીને;
સુખનો દિવસ હા! દેખવો નથીજ નિર્ભાગીને.—આષા૦

ખેમરાજ— ૫૧

દોલત આગળ દોસ્તીનું, શું કહો પડે છે કામ?
દોલત દેખી સઘળા કેરી આવો આમ આમ.

દોલત સાચો રસ કુપ્પો છે જગમાં ઠામઠામ.
દોલતથી છે નામ કામને દામ દમામ તમામ.—

જયા— ૫૨

સુણુ દીન જનની વાણી, દુઃખ વાદળમાં ઘેરાણીરે. પ્રભુ૦
માનસરોવર જાતાં મારગમાં, હંસણી જાળે ઝલાણીરે. દુઃખ
આશા પારે પ્હોંચતાં પ્હેલાં, છોડી અધવચ ભરાણીરે.દુ૦
પતિ સંગ ભોગ ભોગવતાં પ્હેલાં, ભવાની ભોગે ધરાણીરે. દુ૦
આશા કમળમાં મ્હાલતી ભમરી, કાળ હાથીથી કચરાણીરે.દુ૦
જનમો જનમ એ કંથ મેળવવા, માગુંછું મ્હેરબાનીરે. દુ૦

કલ્યાણ— ૫૩

વાહ વાહ ગોરી પ્યારી આવો શેણે લીધો વેશ?
જયા—મારા પ્યારાને મળવાને ધાર્યો નરનો વેશ.
કલ્યાણ—વ્યાપ્યો આનંદ આનંદ અતિશય ચાલો પ્રિયા ઘેર.
બન્ને—પ્રીતમ પત્ની મળતાં છાઈ જગમાં લીલા લ્હેર.

મેઘલો— ૫૪

કેવો અજબ આ કાયદો, ફાયદામાં નહિં જ્યાં વાયદો—કે.
રૂપાળાં માકે બેન, જેને હોય તેને ચેન, કેવા ઉંચુનીચું વેણ,
નથી કોઈનીરે દેન, એવો આ કાયદો અલાયદો—કેવો.
કેવો આપણે છે બ્હાર, જાણે જમ સરદાર, નથી કોઇના એ
બાર, પળ પણુ રોકનાર, આવો નારી હુંડીથી ફાયદો—કેવો.

કલ્યાણ— ૫૫

પ્રિયા વસી તું રહી મનમાં, મનમાં, તનમાં, દિલમાં,
રાત દિવસ રહું નિરખી હરખી, માનુ હું મધુકર મ-
ધુરી ગાલતી, પળ પણુરે ન ભુલાય—પ્રિયા.

જયા— ૫૬

મોહિની મન વસી રહીરે, નયન કમળ નિરખત રસીલા–મો.
હૈયે હતી જેજે આશા, તેતે ફળી પ્યારારે;
આજે વ્યાપી રહ્યા વાલમ, અહા રંગ રંગ ભલે ભલેરે.

જયા— ૫૭

રંગીલા રસીલા પિયુ પ્રાણાધાર, જાશો તજીને શું નાર?
નહિં રહેવાય અહિં એકલી, અરે મમ હૈયાના હાર–રસી.

કલ્યાણ—ચતુર તમે ચતુરા થાઓ શાનેરે અધીરાં?
ક્ષત્રિપુત્રી પતિને રણ ચઢતાં, ન થોભાવે

જયા—બળ મદનનું છે અપાર

કલ્યાણ— અરે આવું આ વાર–રંગી.

કલ્યાણદેવ— ૫૮

દુનીઆમાંહિ દુઃખ કોઈને વિયોગનું પડશો નહિં.
પ્રભુ પિયુને પત્નીનો વિયોગ તો કરશો નહિં.
જો વિયોગ વેઠવોજ ભાગ્યમાં સરજ્યોજ છે
તો દયાળુ દેવ કરજો, છૂટકો ઝટ જીવ લઈ.—
પાંચ દહાડાના પ્રવાસે વ્યાકુળતા વ્યાપી રહી;
ગાનુની મન મોહિની ઘટમાંહિ ઘુંટાઈ રહી;
નેન મીચુ ત્યાં તો નાચે, નાજુકડી નખરાં કરી,
સુવું ત્યાંતો સ્વપ્ન માંહિ સુંદરી આવી ખડી.—
ભૂલ્યે ભૂલાયે નહિં ને વિસર્યે વિસરાયે નહિ;
વિયોગ રોગ ટાળવા, આ વિશ્વમાં બુદ્ધિ નહિ. દુનિ૦

કલ્યાણદેવ— ૫૯

શુદ્ધિ સઘળી ગઈ ગઈ અરર! નિવડી નાર હરામ;

જેને તનગણી તનમન સોંપ્યું હા! હા! તેનો હાલ બાન વિસરી
ધિક્ જગતમાંહિ નારી, પ્રપંચની એ બારી.
ફોલી ખાઈ સઘળી સંપત, નરના હવાલ કરતી બેહાલ,
દુઃખના દલાલ.–શુદ્ધિ૦

છોકરાઓ— ૬૦

આવો યાર, આવો યાર, રંગીએ આવો યાર,
નાચો કુદો રંગ મચાવો, ગુરૂ ગયા છે બ્હાર.—

૧ લો –બીજો–

તું જા પ્હેલો, હું જણી પ્હેલો, તારી શી ઓખાદ;
મારી મુક્કા, મારી ધક્કા, ખુબ કરાવું યાદ.

બધા—રે! ભાઈ આ શાને રે લડો!

ભોજ—હું સઘળાનો સરદાર, કોઈ નહિં માને જેવાર;
ઝપ્પડ થપ્પડ લપ્પડ મારી, મારૂં મુક્કા ચાર. રે.

મુંજ— ૬૧

જોઈ દેજો જવાબ આ પૂછું છું તે.
પૂછોને પૂછોને પૂછો ભલે.

મુંજ—બે નારી સંજોગથી નીપજે,
અમે નારીને એ કહેવાય શું? જોઈ૦

બન્ને—છીપ બે નારી તેમાંથી નીપજે,
મોતીએ મોતી કહેવાય તે. છો૦

મુંજ—દાંત વિના પણ પથરા દબાવે,
મોઢા વિના એ બોલે શું? જો૦

બન્ને—દાંત વિણ દાબે, મુખ વિણ બોલે

જોડો પગરખાંનો કહેવાય એ.— પૂછો૦
મુંજ—ઈશ્વરનો રંગ શો મુખ કઈ મેરછે,
ખાય છે શુંને કરે છે શું— જોઇ૦
બન્ને—પાણીનો રંગને મુખ ચોમેર છે,
ગમ ખાઈ પોતે પ્રભુ રહે.
રાજાના રંકને રંકના રાજા,
એ કામ ઈશ્વર નિત્યે કરે.— પૂછો૦
મુંજ—વૈદક ધર્મ અર્થ કામ શાસ્ત્રોનો,
સારાંશ કહેશો વારૂ તમે.— જોઇ૦
બન્ને—પચ્યેશા ખાવું એ વૈદકનો સાર છે,
દયા પ્રાણીપર એ ધર્મ સાર.— પૂછો૦
ઉદ્યોગ ખંતને ધીરજ ધરવી,
એ અર્થ શાસ્ત્રનો સાર છે ખરે—
કોમળ થઈ કરો સ્ત્રીને કળાગરી,
કામશાસ્ત્રની એ કળાજ છે.— પૂછો૦

મુંજ— ૫૨

સ્વારથ સાધન કરવા સારૂ કામ પડે છે બેનું.
ચતુરાઇ કે બુદ્ધિનુંને નિમકહલાલ નોકરનું,
રે મારે તો પ્રભુ કૃપા એ છે બન્ને—

કલ્યાણ— ૫૩

દૂર દૂર દૂર દૂર ઓનારી ધુતારી ઠગારી હત્યારી દૂર૦
જયા—અરેરે પ્રાણાધાર! પડયો શો મારો વાંક!
અરે ચતુર કુમાર, હું તો અબળા રાંક,

કલ્યા૦—શરમ ધરમ સકળ તરત તજીને હરણુ કરણુ પ્રાણુ,
થઇ તૈઆર, રે નાદારારહેશે હવે નિત્ય રંગા ચઢતું નૂર
—દૂર દૂર૦

કલ્યાણુ— ૬૪

ઓ નાદાર ઓ ગમાર ઓ કુગજાત ઓ ચંડાળ,
જયા—નથી મહાવીર, કંઈ તકસીર છે કૃપાળ છે દયાળ;
કલ્યાણુ—ધિક ધિક રે ચંડાળ ધિક તને હજાર વાર.
લેવા જાન થઇ તૈયાર, નારી જગમાં દુઃખ મૂળ—

જયન્ત— ૬૫

તારૂં આવી બન્યું છે રે નાદાર તું કે'ને મ્હારો બોજ બાઇછે ક્યાં? લઈ સંતાડયો છે ક્યાં? બતાવમને જ્યાં ત્યાં તારી સાથે પાપી આવ્યા. રે પાપી ચંડાળ ગારી તારા નહિં તો કરીશ ટુકડે ટુકડા, બોલ બોલ બોલને ઝટ નાદાર ને ચંડાળરે જાજા. તારૂં૦

અઘોરઘંટ— ૬૬

પાલક જગકે રામ સજા કયા ઉનકું હો સકતા?
યે લડકા નાદાન તું નાહક કયા હરગીસ ઝીદ કરતા?
ઝટપટ ગીરજા તેલ કઢામેં, તું કયા ડર ડર ફિરતા હે?
સોર કરે જંગોર કરે નહિં તું ઘાંસે છુટે.
રે સંભારો રામજી કો—પાલક૦

રાજ— ૬૭

મને માર્યાથી ફળ તમને શું ગુરૂજી?
રાંકાને નાહક રીબાવોરે ગુરૂજી?

સા'ય કરે કોણ આ સમે ગુરૂજી?
આપો જીવતદાન તમેરે ગુરૂજી?
કાકાજી નાહક કરેછે હેરાન.
ખબર હરીલે દયાળ, કૃપાળ મયાળ ઉદાર.—

અઘોરઘંટ— ૬૮

બસ બકબક બચ્ચા છોડો, સોચ લીયા મેંને સબ મનમે.
રાજ્ય કૃપા બિનકાજન કુછહો. ઈધર ઉધર ચાહ્ય દોડો બસ૦
જો જીસકે તગદીર લીખી હે કોન ફીરાને વાલાહે?
સાંઇ કહો ગોસાંઈ કહો નહિં કોઇ કીસમતસે આલાહે બસ૦
જો તેરે તગદીર લીખીહે નહિં બચ્ચા હરગીસ ફરે,
તયાર હોજા મરનેકું તું દેખ હમેરા ભાગ્ય ખુલે. બસ૦

ભોજ—લખ્યું તમારા જે કિસમતમાં તે તમને મળશે ગુરૂજી.
પાપ કરો કે પુણ્ય કરો કે મારોકે જીવાડો ?—

ભોજ— ૬૯

નથી રાજ્ય ને પાટ આ કોઈના નિત્ય રહ્યાં;
મુકીને સર્વ રે મુઆ.— નથી૦
મુરખ મનુષ્ય મદમાં મ્હાલી, ચાલી અનાચારે, કાંક વિચારે.
નથીરેનિત્યરહ્યાં.—નથી૦
જાદવ રામને રાવણ જેવા, કેવાહતા, વળી વિશ્વે છતા.ન૦.

સઘળા— ૭૦

આહા હા ! આજે આનંદ આનંદ વર્ત્યો જય જય જયકાર,
ભોજરાજજી થયા પાટવી, ધારાના ભાવી સરદાર;
થેઈ થેઈ થેઈ થેઈ ધુમકીટ થેઈ થેઈ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ ઝુમં
ગાઓ બજાઓ કીટત કતરકીટ તનનનન તનનનન ઘુમ.

ચરણ—શરણ રે ગ્રહણ કર્યાથી તૂટે જગદુઃખની જંજાળ.
સ્મરણ ભજનને કીરતન કરતાં ન રહે નક્કી આળ પંપાળ.
નિશદીનરે પળપળરે ક્ષણક્ષણ રે—આહાહા૦
આજ ભોજરાજ પાટવી થયા છે, અખિલ વિશ્વના ભાગ્ય તો ફળ્યાં છે.
દુઃખનો દિવસ જઈ સુખની લહેર છે થઈ, જય જય જય જય જયકાર

अंक २ जो.

જયા— ૭૧

દુખદાવાનળગાંહરણીહું હોમાણી,હાંરે જુક્તિનાશીજવાનીનજાણી.
મરૂં રીબી અપાર—દુખ૦
માત ભ્રાતને તાતથી પડી છુટી, લૂટારાએ અધવચ લૂંટી.
બચી ગઈ પીયુ પાસ—દુખ૦
સુખન ઝાઝાં ભોગવ્યાં મેં સજોડે, આવી પતિ એકદમ તરછોડે.
વિના વાંકેજ હાય—દુખ૦
પાછી કાકાના પ્રપંચથી પડી કેદે, શીઅળ લુટવા જે પડયો કેડે.
થાજે જગપતિ સાય—દુખ૦

મુંજ— ૭૨

શું અજબ બની નારી—અરે પ્યારી.
આ રૂમક ઝુમકતી ચાલ ભાળતાં ધીરજ રહે ન ધારી—

જયા—હજુ રહયો તું રે હેવાન—અરે નાદાન!

મુંજ—હવે સમજ સમજ સુજાણુ, થાય શીદ નાહક રે હેરાન—
જયા—ચુપ ચુપ રહેરે નાદાન.
મુંજ—વાહ વાહ વ્હાલી! જીવજાન!
જયા—હું કાઢીશ મારા જાન.
મુંજ—તને ઘટે શું એ પ્રિય પ્રાણુ?
થઈ રહે તું નિત ગારી—અરે પ્યારી—આ૦

ભોજ—જયન્ત વિગેરે— ૭૩

અવગુણુપર ગુણુજે નર કરતા તેની છે બલીહારી;
ઉત્તમ જનની ઉત્તમતાએ પંડિતમાં પંકાણી;
ચાલોરે જઈને છોડાવો ઝટ રાજાજીને;
નકીરે મુકોરે યાર કામપાર.

સામંતસિંહ— ૭૪

હાય પ્રેમ દરદ હાવું હરનિશ હૈયે હિજરાવું—
વાત ચિત કરવી નવ ગમતી, નવ ગમે રાગને રંગ;
કોઈ અજબ તરેહનો ઢંગ, થતો પ્રેમ સંગ, દેખી થઉં દંગ. હાય
જ્યારે તારો ગુલાબી ચ્હેરો, યાદ કરું પ્રિયા હાય!
મારો શ્વાસ તરત રૂંધાય, ને જીવ ગભરાય, મરૂં મરૂં થાય. હા
પણ મળવાની આશા પાછી, અંતરમાં ઉભરાય.
બધું દરદ તરત શમી જાય, જીભે રહી જાય, પ્રિયાપ્રિયા. હાય૦

ડાસા—ડાસી— ૭૫

આને થયું શું મારી બેટી, તને તે આ શું થઈ ગયું રે?
મોહના—એં એં એં એં.

ડો૦ ડો૦—

ડાહીને ડમરી દીકરી પનોતી સામું તું કેમ નથી જોતી?આ૦

મોહના—ઉ ઉં ઉં ઉં.

ડો૦ડો૦—

વૈદને તેડાવો ને ભૂવા ધુણાવો, કંચન કસ્તુરી વટાવો.—આ૦

ઘાંચી— ૭૬

હા! હા! પરણ્યા છીએ તે હુકમ કરવાને રાંડ.— હાહા!

મારી મારીને તારા ભાગીશ હાડ રાંડ.— હાહાહાહા!

દિલ્લીના પાચ્છા આહાહા, લખનોરના બાચ્છા મેરમેર,

મારવાડના રાજ્જે હા શરીરે તાજા હા— પરણ્યા૦

ઘાંચણ-વિલાતની રાણી, ઓહોહોહો રૂમઝુમ વખાણી ઓ.

ઘાંચી—ખેંચીએ ઘાણી, આહો પીએછે પાણી. આહાહા૦

ખાઇએ છે ધાણી, આહો એ મારી નિશાની. અહાહા૦

લે રાંડ લેતી જા લે રાંડ લેતી જા.— પરણ્યા૦

ઘાંચણ— ૭૭

અરરરરરરરર! મરી ગઈરે અરરરર ઓય માડીરે.

ધધધધધ મઝા થઈરે અધધધ!— ઓહો૦

પીટ્યા રણીયા, રાંડે રતન શાં જણીયાં,

એ તે ઘડીયાં, મારા નસીબે નડીયાં.અરરર૦

સુંદર, વદનમાં ચંદર,

વું એક દાહાડા અંદર.— અધધધ૦

ના ફુટેલ!

ાંડ ચુડેલ!

નાના! આવે છે વ્હાલ;

માંચણ--વાહ વાહ મારા લાલ, જાઓ જાઓને હાલ.

લાવો કાઠી હાલ હાલ, કરી રોટલાને દાળ.

જમાડું મારા લાલ!

ઘાંચી--પ્યારી જઉં હાલ હાલ.

બન્ને—વાહ વાહ કેવી મઝાનીરે જોડી આ બની.—

મુંજ— ૭૮

આહા હા હા આહા હા શી દશા થઈરે ઈશવર!
કેદી થઇ હું રીબાઉં ધારા ધણીરે નરવર. આહાહા૦
તોયે પણ ભાગ્ય મુંજરાજનું ગયુંરે નથી;
દશા પુરે પુરી હજુરે ફરી નથી— આહાહા૦—
રાજપુત્રી મૃણાલવતી થઇ રહીરે મ્હારી;
બતાવી બુદ્ધિસાગરે બચવાની બારી.— આહાહા૦

સામંતસિંહ-- ૭૯

પ્યારી વિના હાય! નહિં ઘડિક પલક પલક પડે ચેન:
વારૂં વારૂં તોય આંખેરે મારૂં હાય ગનન વળેરે.—પ્યારી
મદનનું ભૂત ભુંડું ઘુમતું ઘુમતું પુઠે ઘુમે
હાય કરૂં શો ઉપાયરે, હવે નહિં કાંઈ સુઝે

કલ્યા૦— ૮૦

આહા! આહાહા બાળા બનીશું ?
સુંદર સ્વર્ગ નાર સમ અતિશય કોમળ,
શશીવદની સુખમાળા.
ઘડી ઘડી પળપળ મનમાં ઈચ્છું, પાસ પ.

નિરખત તરતજ આ(ી રસીલી, હાહા ઉઠે તનમાં મદનની
જવાળા.૮

જયા—　　　　૮૯

　　મનમોહન મંદિર આવી,
　　અબળાની લાજ વધારી,

કલ્યાણ—બાળા બોલું બલીહારી,
　　તનમન ધન તુજપર વારી;
　　રે પ્યારી.

જયાં—હાં પ્રીતમ.

કલ્યા—થઇ મ્હારી?

જયા—હા ! હરદમ.

કલ્યા—પ્રીતિ બાંધી પછી નરાખો રજ પણ અંતર અંદર.

જયા—નવ સમજુ કંઇ બાળા ભોળી, સ્મરણ કરૂં આ સુ-
રતિ સુંદર.

કલ્યા—પ્રીતિ ખાતર લેલે પ્યારી, આ વિંટીતું ઝટપટ ધારી.

જા—પ્રેમપેટી રૂપ પ્રિતમ વીંટી, અરે તમે પણ લ્યોઉતારી.

મનમાં અમન ચમનમાં અતિ હરખમાં ર-
હો મઝામાં.

નન સનનન નાચો કુદો છનનન છન.
નનન ગન ગન તાન તાલસે તનનન
નતનતનન તનત૦

મવું પ્રીતે મળવું હરનિશ હરનિશ હરે
નિશ હરનિશ બેસો પ્યારી.

હવે જવાની થઇ છે વ્હાલી ઇચ્છા મારી.
જયા—પધારજો પ્રીતમજી પ્રીતમજી—

પેમાજી— ૮૨

નોકરી કરતાં હાંરેહાંરે, નોકરી કરતાં લગ્યો કેવી લેઝત;
હાંરે હાંરે લગનમાં ગાલ્યા, મચી ગચી પુરણ રંગત;
ગળી પાઘડી આ મોડીને, વહુને કાજે સાળુ;
શેઠાણીની સેવા કરતાં રોજ મોજ ભાળુ. હાંરે હાંરે૦
ભૈયાજી—હગકું તોહે ખુશી ખુશાલી રાજી હગરી ગંગા;
પોશાક ધેનાજ ગન ચકાચક મીલે આહા ચંગ —હાંરે૦
બાસુદી સટસટ, દુધપાક હબ હબ.
લાડવાડ બડબડબ, પાપડ કચકચ--હાય હાંરે૦

મુજરાજ— ૮૩

અરે થયા છેવટ આવા હાલ.
આવી પહોંચ્યો અકાળે કાળ-- અરે૦
પુન્ય પાણીના પ્રૌઢા પ્રવાહે ત્રુટી પાપની પાળ,
પાપ ધુળ ઘસડાઇ પલકમાં ફેલી વિશ્વ વિશાળ —અરે૦
રાજ્ય તણી હતી જે નરવરને સઘળી દોરી
કેદી થઈને ભરે બજારે મરકટ વત દોરાય

મુંજ— ૮૪

દીનાનાથ દીન દાસ હું શું માગુ
પ્રૌઢ પાપી હાય! માગતાંજ લાજુ
નહી પાપ માંહી આપ સામું જોયું;
હાય હાય પાપ માંહી સર્વ ખોયુ.

લાજી લાજી આપ ચરણુ શરણુ આવું,
આપ શરણુ વગર પાપથી ચુકાવું,
વિશ્વતાત જાણી બાળરે કૃપાળુ!
પાપી પ્રાણીને ઉગારજે દયાળુ.

મુંજ-ભોજ જયન્ત-વિગેરે ૮૫

કુમાર કુમાર કુમાર જીહાં કુમાર કુમારરે;
પાપીને બચાવનાર હા કુમાર કુમાર.
માનું શું આભાર પાપી હું આવારરે,
કાકાજી કરો શું ખેદ, થયું હતું થનાર.

જયન્ત- ૮૬

કહોને કહોને કૃપાળ બ્હેન જયા છે ક્યાં?
જયા છે જયા છે જયા છે ક્યાં?— કહોને

ક દયાળુ—રખે મને એ પાપણીનું નામ પૂછતાં?
પક્ષકાર થઇ કાકાની પાપણી તે પળવાર.
થઈ તયાર ધણીને વિષદેવા હજારવાર ધિક્કારરે ખેગને૦
—બેટી ઉપર નજર બગાડી કીધાં કપટ અપાર;
ગાં પ્રપંચ કીધો એ કાકાનેજ ધિક્કાર.

હાય હું પાપી ચંડાળ
સાધી નાંખી, પ્રપંચ કેરી જાળ,
ગાં પાપી કાકો હું ચંડાળ. કયારે૦
કરવા કાકા, બનીયું બનવા કાળ.
કહો તમને કયાંથી લાધી વીંટીની બાળ.
ગાં વસે મોહના, નામે સુંદર નાર.

પામ્યો તે પાસેથી વીંટી, બાંધી પુરણ પ્યાર.

અત્રાય—ચાલો સઘળા હવે મળીને કરો એનની બાળ.

સોંપોરાજ આ ભોજરાજને, વરતે જય જયકાર.

સઘળાં— ૮૭

ગળ્યાં આજે સબંધી તમામ;

ભાઇ બ્હેન સ્ત્રી ભરથાર પ્રીતમ પ્રાણ થયાં જાણ મળ્યાં.

કલ્યા—ગુજાર્યો મેં નાહક જુલમ વ્હાલી વ્હાલી વ્હાલી મારી.

માગું માફી.

જયા—હાંહાંહાંહાંહાંહાંહાં પ્રીતમ પ્રીતમ પ્રીતમ.

મુંજ—અરે કાકો હું નાદાન, થઇ હેવાન ભુલ્યો ભાન.

સતી જયા માગું ક્ષમા.

જયા—કાકા એતો ભાગ્યે ભુલ્યા.

અત્રા—હશે છેવટ મળ્યાં મળ્યાં થયો જયજયજયજય ભાઈ.

બધાં— ૮૮

આજે આનંદ આનંદ અતીશે વ્યાપ્યો જુગમાંરે—

અતી સુભાગી ગુણાનુરાગી, ભોજ નરવર.

આનંદ આનંદ આનંદ આનંદ વ્યાપ્યો ચિ

નાચ—દીગદીગધા, દીગદીગધા, દીગદીગધ

ધીરકટ તક ધુગકીટતક તીરકટ ધરકટ ૬

નગીડ તકતર રીટતક તંક ઢુક્ષકીટતક ૯

ગીડન કધા તગ્ગીન ગીડન કધા તગીને ગં

સમાપ્ત.

